હે અબૂ મુનઝિર , કુરઆન મજીદ માંથી તમારા મતે કંઈ આયત સૌથી મોટી છે ? મેં કહ્યું કે : {اللهُ لا إِلَهَ إِلا هُوَ الْحَيُّ الْقَيُّومُ} [સૂરે બકરહ : ૨૫૫], આપ ﷺ એ મારી છાતી પર એક હાથ માર્યો (શાબાશી આપવા માટે) અને કહ્યું : «અલ્લાહની કાસમ ! હે અબુ મુનઝિર ! તમને ઇલ્મ મુબારક

ઉબૈ બિન કઅબ રઝી અલ્લાહુ અન્હુ રિવાયત કરે છે , તેઓએ કહ્યું : નબી ﷺએ કહ્યું : «હે અબૂ મુનઝિર , કુરઆન મજીદ માંથી તમારા મતે કંઈ આયત સૌથી મહાન છે ?» મેં કહ્યું : અલ્લાહ અને તેના રસૂલ વધારે જાણે છે , આપ ﷺ એ કહ્યું : «હે અબૂ મુનઝિર , કુરઆન મજીદ માંથી તમારા મતે કંઈ આયત સૌથી મોટી છે ? મેં કહ્યું કે : {اللهُ لا إِلَهَ إِلا هُوَ الْحَيُّ الْقَيُّومُ} [સૂરે બકરહ : ૨૫૫], આપ ﷺ એ મારી છાતી પર એક હાથ માર્યો (શાબાશી આપવા માટે) અને કહ્યું : «અલ્લાહની કાસમ ! હે અબુ મુનઝિર ! તમને ઇલ્મ મુબારક ».

[સહીહ (આ હદીષ સાચા દરજ્જાની છે)] [આ હદીષને ઈમામ મુસ્લિમ રહિમહુલ્લાહએ રિવાયત કરી છે]

આપ ﷺ એ ઉબૈ બિન કઅબ રઝી અલ્લાહુ અન્હુને કુરઆન મજીદની સૌથી મહાન અને મોટી આયત વિશે સવાલ કર્યો તો તેઓ જવાબ આપવામાં થોડુંક અચકાય રહ્યા હતા , પછી જવાબ આપ્યો કે આયતુલ્ કુરસી : {اللـه لا إله إلا هو الحي القيوم}, જવાબ સાંભળી આપ ﷺ એ તેમની પુષ્ટિ કરી અને તેમની છાતી પર શાબાશી આપવા માટે હાથ માર્યો , તેમના ઇલ્મ અને હિકમત તરફ ઈશારો કરતા , અને તેમના માટે તે ઇલ્મથી ખુશ થવા અને તેમના માટે સરળતાની દુઆ કરી .

http://sunnah.global/hadeeth/gu/show/65059